બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ નીલકંઠવર્ણી - ગોરધનભાઈને (૨૯/૯૧)
➪ માંગરોળમાં ડોસા વાવ ઉપર વિરાજેલા નીલકંઠવર્ણી માટે ગોરધનભાઈ સાટા, જલેબી લઈને આવ્યા ત્યારે આશ્ચર્ય પામેલા નીલકંઠવર્ણીને ગોરધનભાઈએ કહ્યું : મારી ફોઈ પૂતલીબાઈનું કારજ છે તેથી ઘરમાં રસોઈ તૈયાર હતી. ત્યારે

૨. ➪ દામોદરભાઈ - શ્રીજીમહારાજને(૧૩/૩૬)
➪ એક સંત સાથે વાતચીતમાં દામોદરભાઈને વિવાદ થયો તે વખતે દામોદરભાઈને એક સંતે ધોલ મારી હતી. તે વાત જાણીને શ્રીજીમહારાજે તે સાધુને ઠપકો આપ્યો ત્યારે કહે છે.

૩. ➪ પરમચૈતન્યાનંદ સ્વામી - ગોપાળાનંદ સ્વામીને (૨૩/૭૪)
➪ ગઢડા જળઝીલણી મહોત્સવ ઉપર માનભંગ થયેલા પરમચૈતન્યાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીની વાતોથી અંતરમાં શાંતિ થતાં ગોપાળાનંદ સ્વામીના ચરણોમાં આળોટ્યા અને બોલ્યા.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રાજબાઈની ચિતામાં અગ્નિ પ્રકટ્યો નહિ. (૧૮/૫૩)

જ. કારણકે રાજબાઈ અતિશય વૈરાગ્યવાળાં અને અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળતાં હતાં. માટે મૃત્યુ પછી પણ અગ્નિ તેમને સ્પર્શ કરી શક્યો નહિ.

૨. ગુંદાળીના કાઠી ભાઈઓનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થયું. (૨૨/૭૧)

જ. પોતાના મામાના સાધુ જાણી કેવળ પક્ષ રાખી મરાયા હોવાની જાણ શ્રીજીમહારાજને થતાં તેમણે કહ્યું : 'જે આવી રીતે સાધુનો પક્ષ રાખી મરાયા તેને ધન્ય છે. લડાઈમાં મરનારને જો સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તો આ બે ભાઈઓ તો મારા માટે મરાણા, માટે તેમને અક્ષરધામની પ્રાપ્તિ થઈ ગઈ. તેમનું કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીશું.

૩. સર એન્ડ્ર્યુ ડનલોપે અમદાવાદ મંદિર માટે જમીન આપી. (૧૦/૨૧)

જ. શિકાર કરવા ગયેલા સર એન્ડ્ર્યુ ડનલોપની સિંહ થકી શ્રીજીમહારાજે રક્ષા કરી હતી. આ વાતનું સ્મરણ થતાં કલેક્ટર સાહેબને અંતરમાં શ્રીજીમહારાજ પ્રત્યે ખૂબ ભાવ થયો અને શ્રીજીમહારાજની મરજી પ્રમાણે મંદિર કરવા સારું જમીન આપી.

**પ્ર.૩ 'ગલુજી' (૩/૭) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ડુસરના રજપૂત ગલુજી ખેતરેથી આવીને વાળુ કરવાની તૈયારી કરી રહ્યા હતા. તેમની માએ દીવો કરી થાળી પીરસી તે જ વખતે વડથલના હરિભક્ત ધર્મસિંહ શ્રીજીમહારાજનો કાગળ લઈને આવ્યા. કાગળમાં લખ્યું હતું : આ કાગળ વાંચીને તરત ઘરની તમામ ઘરવખરી ગાડામાં ભરીને, તમારાં માતુશ્રીને ઘેર એકલાં રાખીને તમો વડથલ આવો. ગલુજીએ શ્રીજીમહારાજની આજ્ઞા માથે ચડાવી, તમામ ઘરવખરી ભેગી કરી રાત્રે વડથલ શ્રીજીમહારાજ પાસે પહોંચી ગયા. કોઈ જૂની અદાવતને કારણે તે જ રાત્રે કેટલાક ગરાસિયાઓએ ગલુજીનું ઘર ઘેરી લીધું. ઘરમાં ગયા અને પૂછ્યું : 'ગલુજી ક્યાં ?'ત્યારે માએ કહ્યું સ્વામિનારાયણ ભગવાને તેડાવ્યો છે તેથી ઘરવખરી સાથે લઈને વડથલ ગયો છે. તેઓ ગલુજીને મારી નાખવા અને લૂંટી લેવા આવ્યા હતા આથી બોલ્યા 'અમારે હવે ગલુજી સાથે વેર નથી. ભગવાનના આશીર્વાદ અમને પણ અપાવજો. એકવાર શ્રીજીમહારાજ ગલુજીના ગામમાં પધારવાના હતા. તે જ સમયે તેમના માતા દેહ મૂકી ગયાં. તો ગલુજીએ ભાઈઓને કહ્યું : જો આપણે માની દેહક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જશે. માટે ડોશીમાના દેહને ઢાંકી, રજોઠિયે (માળિયે) મૂકી દઈએ.' આમ કરીને ગલુજી મહારાજનું ઢોલ ત્રાસાં લઈને સ્વાગત કરવા ગયા. ગામના શેઠની ડેલીમાં મહારાજ તેમજ સંતમંડળને ઉતારો

આપ્યો અને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. થાળ કરાવીને મહારાજ તેમજ સંતમંડળને જમાડ્યા. પછી મહારાજે કહ્યું : 'આજે અમારે વરતાલ જવાની ઉતાવળ છે. તે ફરી વાર આવીશું ત્યારે તમો કહેશો તેમ કરીશું.' ત્યારે ગલુજી અને સૌ હરિભક્તો મહારાજને વાજતેગાજતે ગામની ભાગોળ સુધી વળાવવા ગયા. ત્યારે મહારાજે ગલુજીને કહ્યું : 'તમે હવે ઘેર જાઓ અને તમારું અધૂરું કામ પૂરું કરો' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : મહારાજ ! ગલુજીનું ક્યું કામ અધૂરું હતું ? ત્યારે મહારાજે કહ્યું : 'તમને શંકા તો નહિ થાય ને ? તેમના માતુશ્રીના દેહને માળિયે મૂકીને આપણને જમાડ્યા. આવુ તો ગલુજીથી થાય. બીજાથી બને નહિ.' ત્યારે સંતો-હરિભક્તોએ કહ્યું : 'દરબાર ખરેખરા મહિમાવાળા કહેવાય. જેને આવી નિષ્ઠા હોય તે જ લોકલાજનો ત્યાગ કરે. બીજાને ધર્મ આડો આવે. પણ ભગવાનના સંબંધથી જ શુદ્ધ થવાય છે એવી સમજણવાળાની ભક્તિ ભગવાન બહુ માને છે.'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. હિમરાજ શાહ કોનું ભજન કરતા હતા ? (૧૬/૪૪)

જ. હિમરાજ શાહ વલ્લભ સ્વામીનું ભજન કરતા હતા.

૨. ધ્યાન કરતાં ઘનશ્યામદાસને ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું ? (૮/૧૭)

જ. ધ્યાન કરતાં ઘનશ્યામદાસને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'ધ્યાન કરો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?'

૩. કુસંગના કયા ત્રણ પ્રકાર છે ? (૧૪/૪૧)

જ. કુસંગના ત્રણ પ્રકાર છે. (૧) બહારનો કુસંગ, (૨) અંતરનો કુસંગ (૩) સત્સંગનો કુસંગ

૪. ગોંડળ અક્ષરમંદિરના પ્રથમ મહંત કોણ હતા ? (૧૦/૨૮)

જ. ગોંડળ અક્ષરમંદિરના પ્રથમ મહંત યોગીજી મહારાજ હતા.

૫. શ્રીજીમહારાજે શાંતિ મેળવવા માટે સ્વરૂપાનંદ સ્વામીને કયા હરિભકત પાસે જવાની આજ્ઞા કરી ? (૨૬/૮૪)

જ. શ્રીજીમહારાજે શાંતિ મેળવવા માટે સ્વરૂપાનંદ સ્વામીને પર્વતભાઈ પાસે જવાની આજ્ઞા કરી

**પ્ર.૫** 'જેમ ગાય છે તે વાછડા ...... ' (/૭૯) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

૧. **"જેમ ગાય છે તે વાછડા સારુ પારસો મૂકે છે તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે. પણ તે વિના તે ટળે નહિ."** (૨૫/૭૯)

સત્યકામ જાબાલિ જ્ઞાન મેળવવા ગુરુ પાસે ગયો. તે વખતે ગુરુએ તેને ગોત્ર, કુળ વગેરે પૂછયું. તેણે કહ્યું 'મને ખબર નથી.' પછી માને પૂછવા ગયો. ત્યારે તેની મા કહે, 'તારા પિતા નથી.' ત્યારબાદ જાબાલિએ આશ્રમમાં આવીને સાચી વાત ગુરુને કરી. ત્યારે ગુરુ કહે, 'તેં મારાથી કાંઈ છુપાવ્યું નથી માટે તું બ્રાહ્મણ જ છે.' એમ કહી પોતાના આશ્રમમાં રહેવા માટે રજા આપી. એક વખત ગુરુએ કહ્યું, 'આ ગાયો ચરાવવા કોણ જશે ? એક ગાયમાંથી ચારસો ગાય થાય ત્યાં સુધી ચરાવવાની છે. પછી હું તેને જ્ઞાન આપીશ.' આ સાંભળી બીજા શિષ્યો તો 'અમે જ્ઞાન મેળવવા આવ્યા છીએ. પણ ગાયો ચરાવવા આવ્યા નથી.' એમ કહી દૂર ખસી ગયા. પણ સત્યકામ જાબાલિ ગુરુ આજ્ઞા માથે ચડાવીને ગાયો ચરાવવા ગયો. ગુરુની આજ્ઞા અનુસાર તે ગાયોની સેવા કરવા લાગ્યો. દરરોજ સવારે ગાયોને ચરાવવા લઈ જાય, પાણી પીવડાવે, ઘાસ નાખે એમ સારી રીતે સેવા કરે. ગાયોની સંખ્યા વધતી ગઈ. સેવા કરતાં કરતાં ઝાડ, પાન, પશુ, પંખી દરેકમાંથી તે અનુભવ મેળવવા લાગ્યો, ચારસો ગાય થતાં તે ગુરુ પાસે આવ્યો. ત્યારે તેના ચહેરા પર જ્ઞાનનું તેજ પ્રકાશી રહ્યું હતું. ગુરુએ તેના તરફ કૃપાદૃષ્ટિ કરી કહ્યું, 'તું બધું જ જ્ઞાન શીખી ચૂક્યો છે, આજથી બધું જ્ઞાન તને સિદ્ધ છે.' એમ કહી અંતઃકરણના આશીર્વાદ આપ્યા. ગુરુના આશીર્વાદથી બ્રહ્મજ્ઞાન તેને સિદ્ધ થઈ ગયું. સ્વામી કહે છે આવી વાતો પારસો વળે ત્યારે જ થાય. જેમ ગાય છે તે વાછડા સારુ પારસો મૂકે છે અર્થાત્ વાછરડાને જોઈ ગાયના આંચળમાંથી દૂધની ધારા છૂટે છે, કારણ કે માતાને પોતાનું વાછરડું અતિશય વહાલું છે, તેમ જે સંશય રહિત થઈને પોતાનું મન સોંપીને ગુરુવચન અદ્ધર ઝીલે છે ત્યારે ગુરુ તેનું અજ્ઞાન દૂર કરી નાખે છે. ગુરુની કૃપાદૃષ્ટિના અધિકારી થયા પછી શાસ્ત્રજ્ઞાનની જરૂર રહેતી નથી.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. રે અખંડ અલૌકિક સુખ સારું, રે જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરા ધન તમ ઉપર વારું .... રે શ્યામ
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું ..... (૨૦/૬૬)

૨. જરકસીઓ જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી,
ગૂંઢો રેંટો ઓઢી મન લલચાવતા રે... રૂડા.
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે,
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે....... (૨૪/૭૫)

૩. श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं सख्यं दास्यमात्मनिवेदनम् ॥ (૨૭ /૮૭)

૪. **ગુજરાતી ભાષાંતર :** અન્ય સ્થળોએ જે પાપ કર્યું હોય તે તીર્થમાં જઈને સ્નાન, પૂજા કે પ્રાયશ્ચિત કરીને નાશ કરી શકાય છે, પરંતુ તીર્થમાં જઈને જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે. શ્રીજીમહારાજ કહે છે કે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય છે અને સંતને વિષે જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે અર્થાત્ સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. (૨૮/૮૭)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, દસમી આવૃત્તિ - ડીસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ ભગતજી મહારાજ - આચાર્ય મહારાજને (૧૮/૩૪)
➫ મંડળધારી પાસે શ્રીજીમહારાજના ચરણારવિંદ હોવા જ જોઈએ, જે ભગતજી મહારાજે યજ્ઞપુરુષદાસજી પાસેથી તેમના જોડિયા સાધુ રામરતનદાસજીને અપાવી દીધા. તેની જાણ આચાર્ય મહારાજને થતાં તેમણે ભગતજીને ઠપકો આપ્યો ત્યારે.

૨. ➫ સ્વામીશ્રી - દરબારને (અભેસિંહ બાપુ) (૯/૧૭-૧૮)
➫ એકવાર સ્વામીએ ભગતજીને બતાવી દરબારને કહ્યું આ દરજીનો છોકરો છે પણ યોગીઓને દુર્લભ એવો યોગ તેણે સિદ્ધ કર્યો છે. મન, ઈન્દ્રિયોને વશ કરીને ત્રણેય અવસ્થામાં અખંડ ભજન કરે છે ત્યારે દરબારે કહ્યું આપે એને સેવાનું ફળ આપ્યું છે ત્યારે સ્વામી કહે છે.

૩. ➫ ભગતજી - સંતોને (૨૧/૩૯)
➫ કતપર ગામે સંતો-હરિભક્તોને રાખી પોતાના સમાગમનું સુખ આપતા. એકવાર ભગતજી સંતોને કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. અમઈદાસ કોઠારીને થડકો થયો. (૧૧/૨૨)
જ. એક વખત વરતાલથી અમઈદાસ, બેચર ભગત તથા પાંચ-સાત પાળા જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા અને પંચતીર્થી કરવા આવ્યા હતા. ત્યારે સ્વામીએ તેમને વાતો કરીને કહ્યું : 'કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે ને હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું.' આ સાંભળીને અમઈદાસને થડકો થયો કે મંદિરની કૂંચીઓ પ્રાગજીને આપી કે શું ?

૨. ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને જૂનાગઢ જવાની આજ્ઞા કરી. (૨/૫)
જ. અતિશય પ્રેમ ઉભરાઈ જતાં એક વાર ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું : 'પ્રાગજી ! તું જૂનેગઢ જજે. મેં તને જે કોલ આપ્યા છે, તે ત્યાં પૂરા થશે. જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. શ્રીજીમહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી. તું પણ તેમની પાસે જજે.'

૩. પવિત્રાનંદ સ્વામીને અશાંતિ થઈ. (૧૭/૩૩)
જ. આણંદમાં આચાર્ય મહારાજ સંતો સાથે પધારેલા. રોજ રાત્રે આરતી પછી પ્રાર્થનામાં સૌ સંતો સ્વામિનારાયણની ધૂન બોલે. એક દિવસ પવિત્રાનંદ સ્વામીએ સંતોને કહ્યું : 'મહારાજના વખતથી 'નરનારાયણ, સ્વામિનારાયણ' એમ ધૂન બોલવાની પ્રથા ચાલુ છે તે શું કામ તોડો છો ?' જુવાન સંતોએ માન્યું નહિ ને બે શબ્દો સામા કહ્યા. તેથી

**પ્ર.૯** 'ગુરુવચને ચૂરેચૂરા' (૬/૯) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

એક વાર નવી હવેલીનું બાંધકામ શરૂ થયું. તેમાં સ્વામીની આજ્ઞાથી રેતી ધોઈને પાયામાં નાંખવાનું કપરું કામ તેમણે એકલે હાથે પાર પાડ્યું. ચૂનો બનાવવાની વાત આવી તો તેમણે હાથ પગ ફાટવાની કે આંધળા થવાની બીક રાખી નહી. મોટા મોટા ચૂનાના કોથળા ખભે ઊંચકી લાવે. હવાડામાં ચૂના ને પાણી ભેગા કરી પગથી કચરે. કોઈ કહે પ્રાગજી ચૂનાના છેરથી આંધળો થઈશ ત્યારે તેઓ જવાબ આપતા, 'સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે, મારે તો એમને રાજી કરવા છે.' આટલી સેવા ઉપરાંત તેઓ બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે જમવું તેવું મહા તપ સ્વામીના વચને શરૂ કર્યું. પ્રાગજી ભક્તને એક જ તાન હતું કે સ્વામીની મરજી સાચવી લેવી અને તેમની આજ્ઞા અદ્ધર ઝીલવી. કેટલાક પ્રસંગે સ્વામી તેમની કસોટી પણ કરતાં. સ્વામી તેમને કહેતા, પ્રાગજી! ચૂનાની ભઠ્ઠી કાઢવી છે તે બસો પાવડાને પાંચસો ટોપલા તૈયાર કર અને તરત જ હા પાડતાં મંદિરમાં જે થોડા ઘણા પાવડા અને ટોપલા હતા તે ભેગા કરી સ્વામી પાસે હાજર કર્યા. બીજા એક પ્રસંગે સ્વામીએ અણધારી આજ્ઞા કરી. 'પ્રાગજી! જરા ગિરનાર ને બોલાવી લાવને તેનું કલ્યાણ કરીએ.' સ્વામીની આજ્ઞા મળતા તેઓ ગિરનારને બોલાવવા ગયા. કેટલાકે ટીકા પણ કરી કે એમકે કંઈ ગિરનાર આવતો હશે ? આજ્ઞા પાળવામાં વિવેક જોઈએ. જૂનાગઢ મંદિરમાં કરસન નામના વાળંદે બધા સંતોનું વતુ કરવા માટે તેણે એક પૈસાનો ભાવ વધાર્યો, એટલે સ્વામીએ તેને ના પાડી. થોડા દિવસમાં તો

હજામત વધવાથી સાધુઓ અકળાવવા લાગ્યાં. એટલે સૌનું વતુ કરવા માટે સ્વામીએ પ્રાગજી ભક્તને આજ્ઞા કરી. પ્રાગજી ભક્ત તો તરત જ તૈયાર થઈ ગયાં. આમ તેમણે છ માસ સુધી દરેક સંતોનું વતુ કર્યું.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ભગતજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો ? (વર્ષ અને તિથિ) (૧/૧)

જ. ભગતજી મહારાજનો જન્મ મહુવામાં સંવત ૧૮૮૫ના ફાગણ સુદ પૂનમે થયો હતો.

૨. મહુવામાં કોલેરાનો રોગચાળો ફેલાયો ત્યારે ભગતજી મહારાજ સૌને શું આજ્ઞા કરતા ? (૨૯/૫૯)

જ. મહુવામાં કોલેરાનો રોગચાળો ફેલાયો ત્યારે ભગતજી મહારાજ સૌને શ્રીજીમહારાજના પ્રસાદીના હનુમાનજીને તેલ ચડાવવાની આજ્ઞા કરતા.

૩. પ્રાગજી ભક્તે કોના સમાગમથી જાણેલું કે ધન અને સ્ત્રીમાં સુખ નથી ? (૫/૯)

જ. પ્રાગજી ભક્તે ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી જાણેલું કે ધન અને સ્ત્રીમાં સુખ નથી.

૪. જૂનાગઢથી વંથળી જતાં ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને ગાડામાં બેસવા કહેવડાવ્યું ત્યારે પ્રાગજી ભક્ત શું બોલ્યા ? (૧૩/૨૬)

જ. 'સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે. તે મારાથી પાસે અવાતું નથી.'

૫. અમીન ઝવેરભાઈ નાથાભાઈ ક્યાંના દીવાન હતા ? (૨૩/૪૨)

જ. અમીન ઝવેરભાઈ નાથાભાઈ વાંસદાના દીવાન હતા.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૨૮/૫૬)  **૨.** ૨, ૪ (૧૩/૨૬-૨૭)  **૩.** ૧, ૪ (૧૦/૧૮, ૨૦-૨૧)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સાધુનો કસબ :** એ કસબ જેણે સિદ્ધ કર્યો છે તેને ને ભગવાનને છેટું રહેતું નથી. એ ભક્ત અનંત જીવોના દોષ હરીને ભગવાનમાં સૌને જોડે એવો સમર્થ બને છે. (૮/૧૭)

૨. **અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ :** આપણે પણ અખંડ ભગવાન તરફ દૃષ્ટિ રાખીએ તો મહારાજની મૂર્તિરૂપી અવિનાશી સુખની કમાણી થાય. ભગવાનને અખંડ સંભારવા, એક ઘડી પણ ભૂલવા નહિ. (૨૪/૪૫)

૩. **મને સ્વામિનારાયણ વળગ્યા છે :** સાહેબના જમાદાર મુમુક્ષુ હતા તે ભગતજીનાં દર્શને આવ્યા. ભગતજીએ તેના મનનો સંકલ્પ જાણીને કુરાનમાં વર્ણવેલા ચાર પ્રકારના સત્પુરુષનાં લક્ષણોની વાત કરી. (૧૯/૩૬)

૪. **પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું :** જૂનાગઢમાં ભીમ એકાદશીના સમૈયા ઉપર હજારો હરિભક્તો આવ્યા હતા. ચોકમાં ચંદની બાંધી હતી, તે જોઈ સ્વામીને પ્રાગજી ભક્ત સાંભર્યા. (૧૬/૩૦)

૫. **થોરે કેળાં :** ફળ તો હજુ હવે આપવાનું છે. પણ આ તો અનાદિનો ભક્ત છે, બીજા કોઈથી આવી સેવા બને નહિ. સ્વામીએ પ્રાગજી ભક્તનો વિશેષ મહિમા દરબારને કહ્યો. (૯/૧૮)

૬. **અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે :** એક વાર સિદ્ધ થયેલી વિદ્યા પાછી કેમ નીકળે ? તેમ પ્રાગજીને મેં બ્રહ્મવિદ્યા ભણાવી છે તે પાછી ન નીકળે અને જેણે આ પરાવિદ્યા આપી છે તેને પાત્ર ઘડતાં પણ આવડતું હશે ને ! (૧૧/૨૩)

❑ ❑ ❑